કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નવો પૂર્વ(સરથાણા)ઝોન

સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ, સરથાણા, સુરત – ૩૯૫૦૧૩.

નં. ઈઝેડ–બી/ ૬૧૩૨
તા. ૨૫/૧૧/૨૦૨૫

પ્રતિ,
......................................
......................................
......................................
......................................
......................................
......................................

વિષય :– નવો પૂર્વ(સરથાણા)ઝોનમાં સમાવિષ્ટ ભરથાણા,ઉમરા તેમજ ઉમરા–વેલંજા સ્ટેટ હાઈવે મેઈન રોડ ઉપર બંને સાઈડ આવેલ કાચી ગટરનું પોકલેન મશીન તથા જે.સી.બી. મશીનથી ડ્રેજીંગ/સફાઈ કરવાનું કામ.

સંદર્ભ :– સ્થાયી સમિતિના ઠરાવ નં. ૮૩૦/૨૦૨૫, તા.૨૪/૦૪/૨૦૨૫ માં મંજુર થયેલ યુનિટ રેઈટ

મહાશય,

ઉપરોકત વિષય અનુસંધાનથી સ્થાયી સમિતિના ઠરાવ નં. ૮૩૦/૨૦૨૫, તા.૨૪/૦૪/૨૦૨૫થી મંજુર યુનિટ રેઈટ આધિન અંદાજીત રકમ રૂા.૪,૯૯,૦૨૫.૦૦ પૈ. નું કામે ભરવા પાત્ર બાનાની રકમ રૂા. ૪૯૯૫.૦૦ પૈ.(ચાર હજાર નવ સો પંચાણુ રૂપીયા) સાથેનુ તમારુ સંમતિપત્ર તા. ૨૯/૧૧/૨૦૨૫ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં નીચે સહિ કરનારને પહોંચતુ કરવા ઘટતુ કરશો. કામ તથા ભાવો અંગેની વિસ્તુત સમજ માટે સંબધિત જુની. ઈજનેરશ્રીનો સંપર્ક કરવો.

**–:પરિશિષ્ટ:–**

| અ.નં. | મશીનરીની વિગત | અંદાજીત કામનાં કલાક | પ્રતિ કલાકનો ભાવ રૂા. | કુલ રકમ રૂા. પૈ. |
|---|---|---|---|---|
| ૧ | પોકલેન મશીન L&T PC-200 | ૨૫ | ૧,૪૦૦/– | ૩૫,૦૦૦/– |
| ૨ | જે.સી.બી.મશીન 3D OR 4CX/L&TBEML/HM | ૬૨૦ | ૬૦૦/– | ૩,૭૨,૦૦૦/– |
| ૩ | ટ્રેકટર | ૨૨૫ | ૧૬૯/– | ૩૮,૦૨૫/– |
| ૪ | ડમ્પર | ૧૫૦ | ૩૬૦/– | ૫૪,૦૦૦/– |
| | | | કુલ | ૪,૯૯,૦૨૫/ – |

ઉપર જણાવેલ કામ અંગે ઈજારદારોએ બાનાની રકમ, જી.એસ.ટી નંબર, રજીસ્ટ્રેશનની પ્રમાણીત નકલ આપવાની રેહશે. રજીસ્ટ્રેશનની પ્રમાણીત નકલ, જી.એસ.ટી નંબર વિના આવેલ સંમતિપત્રકો માન્ય રાખવામાં આવશે નહી.

કાર્યપાલક ઈજનેર,
નવો પૂર્વ(સરથાણા)ઝોન,
સુરત મહાનગરપાલિકા

નંબરઃ ૬૩૫૯૯૦૯૫૦૬, ૬૩૫૯૯૦૯૬૦૬ E-mail :- exen.ez.north@suratmunicipal.org
Visit us at www.suratmunicipal.gov.in

(1)

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૨૪–૪–૨૦૨૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૯–૪–૨૦૨૫ ના પત્ર નં.સી.સ્થા.સ./૭૦ થી વિદિત થઈ, નવો પૂર્વ(સરથાણા) ઝોનમાં તાપી નદીના દક્ષિણ તરફના ભાગમાં સમાવિષ્ટ વિવિધ ખાડીઓનું આગામી પ્રિમોન્સુન અંતર્ગતની કામગીરી અન્વયે પોકલેન મશીન અને એમફીબીએસ એસ્કેવેટર તથા લોંગસ્ટીક બુમ તથા જે.સી.બી. મશીનથી ડ્રેજીંગ/સફાઈ કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૨ ટેન્ડરો અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉક્ત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, આ કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) આ કામે નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર રામાણી દર્શક વિનુભાઈને (૧) એમફીબીએસ એસ્કેવેટર/લોંગસ્ટીક બુમ એસ્કેવેટર રૂા.૧૭૦૦/–પ્રતિ કલાક (૨) Pocklane Machine વર્ક માટે રૂા.૧૪૦૦/– પ્રતિ કલાક (૩) જે.સી.બી. 3D/4CX/L&T/BEML/HM રૂા.૬૦૦/– પ્રતિ કલાક (૪) ટ્રેકટર રૂા.૧૬૯/– પ્રતિ કલાક તથા (૫) Truck/Dumper રૂા.૩૬૦/– પ્રતિ કલાક અનુસાર કુલ રૂા.૧૫,૧૯,૬૦૦/– ના ખર્ચે, તેઓએ તેમના તા.૧૬–૪–૨૦૨૫ ના પત્રથી કાર્યપાલક ઈજનેરશ્રી, નવો પૂર્વ(સરથાણા) ઝોનને ઉદ્દેશીને આપેલ લેખિત સંમતિને આધિન ઉક્ત કામ સોંપવાનું તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨) સાઉથ વેસ્ટ ઝોનના લોએસ્ટ ટેન્ડરરનો આઈટમ નં.૫ Truck/Dumper ની કામગીરી માટેનો રૂા.૭૫/– પ્રતિ કલાકનો ભાવ પરવડે તેમ ન હોય, લોએસ્ટ ટેન્ડરર સંમત થયેલ નથી અને નોર્થ (કતારગામ)ઝોનમાં લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરરના ભાવે ડમ્પરની કામગીરીના રૂા.૩૬૦/– પ્રતિ કલાક અનુસાર સંમત થયેલ હોય ઉપરોક્ત પાંચેય આઈટમના ભાવો આગામી એક વર્ષ અથવા નવું ટેન્ડર મંજુર થાય એ બે માંથી જે વહેલુ થાય ત્યાં સુધી યુનિટ રેઈટ તરીકે મંજુર કરવામાં આવે છે.

(૩) સુરત મહાનગરપાલિકાના અન્ય ઝોન વિસ્તારમાં સમાન પ્રકારના કામોએ પણ સદર ટેન્ડર હેઠળ મંજુર ભાવો અને શરતો મુજબ સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવનાર અન્ય ઈજારદારો પાસે મંજુર થયેલ યુનિટ રેઈટ અને શરતોને આધિન સક્ષમ સત્તાની મંજુરીથી કામગીરી સોંપવાનું તેમજ સદર નકકી કરેલ યુનિટ રેઈટથી સુરત મહાનગરપાલિકાના અન્ય ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીનો રીપોર્ટ અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવાનું અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિની મંજુરી મળ્યા બાદ જ કરેલ કામગીરીના બીલની ચુકવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૮૩૦/૨૦૨૫ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૫–૪–૨૦૨૫.

નં. સીસ્થાસ/ઠ/ 161

નકલ સાદર રવાના : અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ પ્રતિ,

Received On Dt. 28 APR 2025

EAST ZONE

AE / DE A, B, C, D, E, F, [redacted]

EX. ENG (RAC) W/OS

આર.એ.સી./ટે/ ૪૦૮ તા. ૨૮/૦૪/૨૫